

ગાંધીનગર શહેરના સેકટર-૧ સ્થિત ગાયત્રી મંદિરના ૨૧ માં પાટોત્સવની રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે દિવસભર વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરના પાટોત્સવ પ્રસંગે હજ્જારો ભકતો ઉપસ્થિત રહી માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## ધાનેરા પોલીસ સ્ટેશનની નજીકમાં વેચાતો ખુલ્લેઆમ દારૂ કોની મહેરબાનીથી ચાલે છે?

સરકારશ્રીના દારૂબંધીના કડક નિયમો અને કાયદા હોવા છતાં કાયદાનુ પાલન કરાવનાર જ આંખ આડા કાન કરતા જોવાં મળી રહ્યા છે. ધાનેરા પોલીસ સ્ટેશનની નજીકના વિસ્તારમાં દારૂ ખુલ્લે આમ વેચાઈ રહ્યો છે અને જે પોલીસ તંત્રની નજરમાં હોઈ શકે છે પરંતુ આવાં અડ્ડાઓને કોઈ પણ પ્રકારનો ડર કે ભય ન હોવો તે શું સુચવે છે. જીલ્લામાથી એ.સી.બી. ગમે ત્યારે આવે તો દારૂ ઝડપાય છે પરંતુ ધાનેરાની પોલીસને તે દારૂની મહેક પણ આવતી કેમ નથી? આવા અનેક અડ્ડાઓ ધાનેરા પોલીસ તંત્રની રાહબરી ઉપર ચાલતા હોઈ શકે છે. જે ખુલ્લે આમ દારૂના વેચાણ દ્વારા જાણી શકાય છે. પોલીસ તંત્ર આ બાબતે તપાસ કરી ધાનેરામાં ચાલતા દારૂના અડ્ડાઓ તેમજ હોમ ડિલીવરીની તપાસ કરી કાયદાનુ ભાન કરાવશે તેવી ધાનેરાના ગામજનોની માગ છે.

# ઈસનપુર મોટા ખાતે જનસેવા કાર્યોનું લોકાર્પણ

ચિલોડા, તા. ૪

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ગામે સદ્‌ભાવ એન્જિનિયરીંગ લિમિટેડના સંપુર્ણ આર્થિક ઉદાર



સહયોગ દ્વારા જન કલ્યાણ અને વિકાસના કાર્યો દ્વારા ગામના સર્વાંગી વિકાસનો સંકલ્પ સમર્પણભાવથી આદર્શગામ તથા સ્માર્ટ વિલેજના સ્વપ્ને સાકાર કરવા વણથંભી વિકાસયાત્રા પૂર્ણ થતાં શ્રી બહુચરમાતાજી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને શ્રીમતી શાંતાબેન વિષ્ણુભાઈ પટેલ પ્રાથમિક શાળાનું નામકરણ અને લોકાર્પણવિધિનો ભવ્ય કાર્યક્રમ મુખ્ય મહેમાન તરીકે વિધાનસભાના ઉપાધ્યક્ષ અને ધારાસભ્ય શંભુજી ઠાકોર તથા જિલ્લાના મહાનુભાવો, સદ્‌ભાવ એન્જિનિયરિંગ લિમિટેડના પરિવારજનોની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

સમારોહમાં સૌ પ્રથમ એમ.બી. પટેલ હોસ્પિટલ ખાતેથી સદ્‌ભાવ આરોગ્યભવનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ સદભાવ એન્જિનિયરીંગ લિમિટેડના આર્થિક ઉદાર દાતાઓનું બગીમાં બેન્ડવાજા સહિત ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. નવીન પ્રાથમિક શાળાના મકાનના લોકાર્પણ સમારોહમાં પ્રાથમિક શાળાની બહેનોએ એ માલિક તેરે બંદે હમ પ્રાર્થનાથી કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. શ્રીમતી શાંતાબેન વિષ્ણુભાઈ પટેલે દીપપ્રાગટ્ય દ્વારા કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કર્યુ હતુ. ત્યારબાદ આ પ્રસંગે મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત શત સ્વાગતમ દ્વારા કર્યુ હતુ. આ પ્રસંગે મહાનુભાવોનો રામચંદ્રભાઈ પટેલે મહેમાનોનો પરિચય અને શાબ્દિક સ્વાગત પ્રવચન કર્યુ હતુ. આ પ્રસંગે મહેમાનોનું પુષ્પગુચ્છ, મોમેન્ટો, પુસ્તક, શાલ ઓઢાડી ઉષ્માભર્યુ સન્માન અને સ્વાગત કર્યુ હતુ. દાતા પરિવારનું મહેમાનો દ્વારા સન્માન અને અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગોચિત કાર્યક્રમમાં સદ્‌ભાવ એન્જિનિયરીંગ લિમિટેડના આર્થિક સહાયતા દ્વારા શ્રીમતી શાંતાબેન વિષ્ણુભાઈ પટેલ નવીન




પ્રાથમિક શાળા સદ્‌ભાવ આંગણવાડી, સદ્‌ભાવ પાર્ક, સદ્‌ભાવ આરોગ્યભવન, સદભાવ પ્રવેશદ્વાર, શૌચાલય-કમ બાથરૂમ જાહેર રસ્તાઓ તથા શેરીઓ સુધી સીસી રોડ, પ્રવેશદ્વારથી હોસ્પિટલ સુધી ફોરલેન સીસી રોડ, સુરક્ષા દિવાલ, શ્રી બહુચર માતાના મંદિર તથા પરિસરનું નવનિર્માણ, કન્યાશાળાના મકાનનો જીર્ણોદ્ધાર, શ્રી બ્રહ્માણી માતાજીના મંદિર પરિસરનું નવીનીકરણ, શ્રદ્ધાકેન્દ્રો તથા મંદિરોનું નવીનીકરણ, અત્યંત ગરીબ પરિવારોના નવીન આવાસો, હાઈસ્કૂલના મકાનનું નવીનીકરણ વગેરે જનસેવાના કાર્યોની વિકાસગાથા પૂર્ણ થતા સ્વચ્છ ભારત-સ્વસ્થ ભારત તથા સ્વચ્છ અને સુંદર ગામના સંકલ્પને સાકાર કરનાર પરિવારનું ભવ્ય અભિવાદન અને સન્માન સમારોહમાં પ્રાસંગિક પ્રવચન દ્વારા મહાનુભાવોએ વિશેષ યોગદાનના મહિમાને આવકાર્યો હતો.

# હાલમાં ચાલતો જેઠ માસ આ વર્ષનો સૌથી નાનો મહિનો છે !!

ગરમી થી ત્રાહિમામ્ કરાવતો જેઠ માસ જેઠીયા તાપથી અળખામણો બની રહ્યો છે ત્યારે એક રોચક જાણકારી પ્રાપ્ત થઈ છે જયેષ્ઠ એટલે કે મોટો એવા સંસ્કૃત શબ્દ થી બનેલો જેઠ માસ આ વરસે ખરેખર નાનો દિયર એટલે કે નાનો બની ગયો છે. (ગરમી ના દિવસો જેટલા જલ્દી ઓછા થાય એટલ સારા !!) સામાન્ય રીતે આપણે માનીએ છીએ કે મહિનામાં ૩૦ દિવસ હોય છે. ૩૦ તિથિ હોય છે પરંતુ દર વખતે ૩૦ દિવસ હોતા નથી. થોડું અટપટું લાગ્યું ? તો વિસ્તાર થી સમજવા પ્રયત્ન કરીએ. આ બાબતે ખગોળ વિજ્ઞાનના અભ્યાસુ અને કચ્છ એસ્ટ્રોનોમી ક્લબ ના પ્રમુખ નરેન્દ્ર ગોર સાગરએ સંશોધન કરતાં નોધ્યું કે આ વખતે જેઠ માસની લંબાઈ ૨૯ દિવસ ૬ કલાક ૪૬ મિનિટની છે જે આ વર્ષના કોઈ પણ માસ કરતાં ટુંકા માં ટુંકી છે. ગત ફાગણ માસની લંબાઈ ૨૯ દિવસ ૧૪ કલાક ૫૧ મિનિટ હતી જે ૮ કલાક ૦૫ મિનિટ વધારે હતી. આ બાબતે વધુ પ્રકાશ પાડતાં શ્રી ગોર જણાવે છે કે આપણા મહિનાઓ ચંદ્રની પ્રુથ્વી આસપાસની ગતી ને ધ્યાન માં રાખીને બનાવવામાં આવ્યા છે. ચન્દ્રને પ્રુથ્વી આસપાસ એક ચક્કર મારી લેતાં ૨૯.૫ દિવસ લાગે છે. એટલે મહિનામાં ક્યારેક ૩૦ દિવસ અને ક્યારેક ૨૯ દિવસ હોય છે. આ સમય ગાળો સરાસરી છે પરંતુ દરેક મહિનો સરખા અંતરનો હોતો નથી. ચન્દ્ર પ્રુથ્વીની લંબગોળ કક્ષામાં ફરતો હોઈ જ્યારે ચન્દ્ર પ્રુથ્વીની નજીકના અંતરે હોય ત્યારે મહિનો ટુંકો હોય છે જ્યારે તે દુર હોય છે ત્યારે મહિનો મોટો હોય છે. હાલમાં મુસ્લિમ બિરાદરોનો પવિત્ર રમજાન મહિનો ચાલે છે. મુસ્લિમ માસ પણ ચન્દ્રની ગતી આધારીત હોઈ આ વખતે રોજા ની સંખ્યા ૩૦ ને બદલે ૨૯ થવાની શક્યતા વધારે જણાય છે. નોંધવા લાયક બાબત એ છે કે જ્યારે ચાન્દ્ર માસ ટુંકામાં ટુંકો હોય ત્યારે અમાસના દિવસોની આસપાસ ચન્દ્ર પ્રુથ્વીથી સૌથી નજીકના અંતરે થી પસાર થાય છે. આવી જ રીતે સદીનો (વર્ષ ૨૦૦૧ થી ૨૧૦૦) લાંબામાં લાંબો મહિનો તા. ૧૯ ડિસેંબર ૨૦૧૮ ના શરુ થતો પોષ મહિનો હશે! આ મહિનો ૨૯ દિવસ ૧૯ કલાક ૪૭ મિનિટ નો હશે.

# જુનાગઢમાં મેઘમહેર

## સૌરાષ્ટ્રમાં વરસાદી માહોલ હજુ અકબંધ : વરસાદના પરિણામ સ્વરુપે કેરીના ભાવમાં ઘટાડો નોંધાયો

અમદાવાદ, તા.૪

ગુજરાત પ્રદેશ અને સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં આજે પણ વરસાદી માહોલ અકબંધ રહ્યો હતો. બીજી બાજુ અમદાવાદમાં પણ વરસાદના ઝાપટા પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ગુજરાતના જુદા જુદા ભાગોમાં પણ હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા પડવાની આગાહી કરવામાં આવી છે. ગઈકાલની સરખામણીમાં ગરમીના પ્રમાણમાં આજે ઘટાડો નોંધાયો હતો. જો કે, બપોરના ગાળામાં લોકો ગરમીથી પરેશાન રહ્યા હતા. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૦.૪ ડિગ્રી નોંધાયું હતું. વીવીનગરમાં પણ ૪૧.૯ સુધી પહોંચ્યો હતો. ડિસામાં ૪૦.૨ અને ગાંધીનગરમાં પણ મહત્તમ તાપમાનમાં નજીવા ફેરફારની સ્થિતિ જોવા મળી હતી. શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી ગરમીનો અનુભવ થઈ રહ્યો હતો. સૌરાષ્ટ્રના જુનાગઢ વિસ્તારમાં પણ આજે વરસાદી માહોલ રહ્યો હતો.

મોડી સાંજ સુધી જુનાગઢમાં વરસાદ થયો છે. જુનાગઢમાં વરસાદના પરિણામ સ્વરુપે હવે કેરીના ભાવમાં ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. વેપારીઓ કોઈપણ સંજોગોમાં કેરી વેચવાનો ઈરાદો ધરાવે છે. કેરીના એક બોક્સ દીઠ ૫૦ રૂપિયાનો ઘટાડો થયા હોવાનો અહેવાલ મળ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી રાજકોટના જુદા જુદા ભાગોમાં વરસાદ પડી રહ્યો છે. અન્ય વિસ્તારોમાં પણ તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. તીવ્ર ગરમી વચ્ચે અમદાવાદ શહેરમાં હાલમાં ફુડ પોઈઝનીંગના બનાવોમાં વધારો થયો છે.આ ઉપરાંત ઠંડકવાળા સ્થળોએ આરામ કરવા,કામ સિવાય બપોરના સમયે બહાર ન નીકળવા અંગે પણ સુચન કરવામાં આવ્યું છે. આ સાથે જ નાના બાળકો,વૃધ્ધો અને સગર્ભા મહિલાઓની વિશેષ કાળજી લેવા અંગે પણ કહેવામાં આવ્યું છે. ઈમરજન્સીની પરિસ્થિતિમાં ૧૦૮નો સંપર્ક કરવા કહેવામાં આવ્યું છે. એકાએક ગરમી અને હવે આંશિક ઘટાડાના કારણે બાળકોને વધુ અસર થઈ છે. આજે સવારે વરસાદી વાદળા નજરે પડ્યા હતા પરંતુ થોડાક સમય બાદ જ આ વાદળા દેખાયા ન હતા. લોકોએ બહાર નીકળવાનું ટાળ્યું હતું.

## ભિલોડા જન સેવા ઈંગ્લીશ મીડીયનનું ૧૦૦ ટકા પરિણામ

ભિલોડા, તા. ૪

ભિલોડાની એક માત્ર અંગ્રેજી માધ્યમની જન સેવા ઈંગ્લીશ મીડીયમ સ્કૂલનું ધોરણ-૧૦નું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. નિરંતર દર વર્ષે શાળાના બાળકો ઊંચુ પરિણામ લાવે છે. ઈંગ્લીશ મીડીયમમાં કેન્દ્રમાં અને શાળામાં પ્રથમ નંબરે સોની ધ્રુવ કે.એ ૮૯.૧૪ પર્સન્ટાઈલ રેન્ક મેળવેલ છે. પરિણામ મેળવનાર દરેક વિદ્યાર્થીઓને ભિલોડા જન સેવા સંઘ પ્રમુખ ગિરીશભાઈ ઉપાધ્યાય, ઉપપ્રમુખ રોહિતભાઈ ત્રિવેદી, ભરતભાઈ ત્રિવેદી, ગોપાલભાઈ જોષી, શંભુભાઈ ત્રિવેદી, કારોબારી સભ્યો, આચાર્ય સુમિત્રાબેન કટારા, જે.એસ. ઝાલા સ્ટાફ પરીવારે વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.



# પાલનપુર ખાતે પર્યાવરણ પદયાત્રા યોજાઈ

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ચાણક્ય ચિંતન મંચ આયોજીત યોજાયેલ પર્યાવરણ પદયાત્રાને આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા શહેરી વિકાસ રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતુ. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતાં મંત્રીએ જણાવ્યું કે વર્તમાન સમયમાં પર્યાવરણનો પ્રશ્ન સમગ્ર વિશ્વ માટે પડકારરૂપ બન્યો છે. ત્યારે આપણે સૌ સાથે મળી પર્યાવરણનું શ્રેષ્ઠો જતન કરી ભાવિ પેઢીને સ્વચ્છ હવા, પાણી, હરિયાળી અને સમૃદ્ધિ વારસામાં આપીએ. તેમણે કહ્યું કે તમામ ધર્મગ્રંથો અને આપણી ભ્વય ભારતીય સંસ્કૃતિમાં પર્યાવરણનુ જતન કરવાનો અપાર મહિમા છે. મંત્રીએ કહ્યું કે પર્યાવરણના જતન માટે સૌથી અગત્યની બાબત વિશાળ સંખ્યામાં વૃક્ષોનો ઉછેર અને પાણીનો કરકસર અને કાળજીપૂર્વક ઉપયોગ કરી વિરાટ પ્રમાણમાં જળસંચય કરીએ. મંત્રીએ કહ્યું કે સમગ્ર સૃષ્ટિનું જતન કરવાની દરેક માણસની ફરજ છે. પ્રકૃતિના ખોળામાં જ સાચુ સુખ અને સંતોષ છે એમ કહેતા તેમણે કહ્યું કે પ્રકૃતિ સાથે સંવાદ જોડી દિવ્યતા અને પરમ સુખનો અહેસાસ કરીએ. ચાણક્ય ચિંતન મંચના પ્રમુખ સ્વામી આનંદ રાજેન્દ્રએ સ્વાગત પ્રવચન કરી પદયાત્રાનો હેતુ જણાવ્યો હતો.

## માર્ક-૩ લોંચ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટેકનિકથી બનાવવામાં આવ્યું છે. ૪૩.૪૩ મીટર લંબાઈ અને ૪ મીટરની પહોળાઈ ધરાવનાર આ રોકેટમાં અતિઆધુનિક ટેકનોલોજી છે. રોકેટની સાથે છોડવામાં આવનાર દૂરસંચાર ઉપગ્રહ જીસેટ-૧૯ આશરે ૩.૨ ટન વજન ધરાવે છે. આ રોકેટથી આઠ ટન વજન ધરાવનાર પેલોડને લોઅર્થ પરિભ્રમણ કક્ષામાં ગોઠવી શકાય છે. જીએસએલવી માર્ક-૩ ભારતના પ્રથમ સંપૂર્ણપણે કાર્યરત રોકેટ ક્રાયોજનિક એન્જિનમાં પ્રવાહી ઓક્સિજન અને હાઈડ્રોજનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ રોકેટ માટે ભારતે ૧૧ ફ્લાઈટ અને ૨૦૦૦થી વધારે પરીક્ષણ કર્યા છે. જીએસએલવીના ઉપરના સ્ટેજ સી-૨૫નું ઈસરોએ ૧૮મી ફેબ્રુઆરી ૨૦૧૭ના દિવસે પરીક્ષણ કર્યું હતું. ચાર ટનના સેટેલાઈટને જીટીઓમાં લોન્ચિંગમાં સક્ષમ છે. ભારત દ્વારા મહત્વપૂર્ણ સફળતા અંતરિક્ષના ક્ષેત્રમાં હાસલ કરવામાં આવી રહી છે. જાણકાર નિષ્ણાતો માની રહ્યા છે કે, અંતરિક્ષ કાર્યક્રમમાં માર્ક-૩ ગેમચેન્જર સાબિત થઈ શકે છે. રોકેટની સાથેસાથે સ્વદેશી ટેકનોલોજીથી ક્રાયોજનિક એન્જિન તૈયાર કરાયું છે. નવા રોકેટની સફળતાથી અંતરિક્ષમાં માનવ મોકલવાની ક્ષમતા હાસલ થઈ શકશે. ભારત દ્વારા એક પછી એક અંતરિક્ષના ક્ષેત્રમાં સફળતા મળી રહી છે. પ્રતિબંધથી વિકસિતને લઈને નિષ્ણાતો પણ આશ્ચર્યચકિત છે. ભારત માટે આવતીકાલનો દિવસ ઐતિહાસિક રહેશે. જીએસએલવી માર્ક-૩ પોતાની ઐતિહાસિક ઉડાણ ભરશે. આ ઐતિહાસિક ઉડાણના કારણ રહેલા છે. જીસેટ-૧૯ નામના સંચાર ઉપગ્રહને દરિયાઈ સપાટીથી ૩૫૭૮૫ કિમી ઉંચી જમીની કક્ષામાં સ્થાપિત કરવામાં આવશે. જીએસએલવી માર્ક-૩ રોકેટનું વચન ૨૦૦ હાથીના બરોબર છે અને ઉંચાઈ ૪૩ મીટર છે. સૌથી ભારે રોકેટ તરીકે આને ગણવામોં આવે છે જેથી આને ફેટબોય નામ અપાયું છે.

## ત્રાસવાદી હુમલો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોલીસે હુમલાને અંજામ આપનાર ત્રણેય ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે. વિકેન્ડ હોવાના કારણે મોટી સંખ્યામાં લોકો પોતાના ઘરની બહાર નિકળ્યા હતા. જે જગ્યા ઉપર આ બનાવ બન્યો હતો ત્યાં મોટી સંખ્યામાં લોકો હતા. આતંકવાદીઓ સૌથી પહેલા ઝડપથી ગાડી લઈને નિકળ્યા હતા અને લંડન બ્રિજ પર લોકોને ટક્કર મારી દીધી હતી અને આ લોકોને કચડી માર્યા હતા. ત્યારબાદ ત્રાસવાદીઓ ગાડી લઈને નજીકના બરો માર્કેટ પહોંચી ગયા હતા. ગાડીથી બહાર આવીને આ લોકોએ છુરાબાજીથી કેટલાક ઉપર હુમલા કર્યા હતા. બરો માર્કેટમાં અનેક બાર અને રેસ્ટોરન્ટ છે. પોલીસ હુમલો ન કરે તે માટે ત્રાસવાદીઓએ પોતાના શરીર ઉપર બનાવટી આત્મઘાતી બેલ્ટ પણ બાંધેલા હતા. બે સપ્તાહ પહેલા જ બ્રિટનના માન્ચેસ્ટરમાં મોટો આત્મઘાતી હુમલો કરાયો હતો. ત્યારબાદથી જ સુરક્ષા એજન્સીઓ દ્વારા વધુ હુમલા થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી હતી. હુમલાની સંભાવનાને ધ્યાનમાં લઈને તમામ મોટા અને નાના શહેરોમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે.

## આક્રમક શરૂઆત

● અનુસંધાન પહેલાનું ચાલુ

શહેરમાં પણ રસ્તાઓ બપોરના ગાળામાં મેચ શરૂ થયા બાદ સુમસામ દેખાયા હતા. ધારણા પ્રમાણે જ વરસાદ વિલન બનતા ક્રિકેટ ચાહકોમાં નિરાશા ફેલાઈ હતી પરંતુ આ મેચમાં ભારતની ઈનિંગ્સ ટુંકાગાળાના બ્રેક બાદ વારંવાર આગળ વધી હતી. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ વર્તમાન ચેમ્પિયન ટીમ છે. બન્ને દેશો વચ્ચે છેલ્લે ટ્વેન્ટી વર્લ્ડ કપના ગ્રુપ સ્ટેજમાં મેચ કમાઈ હતી. જેમાં પાકિસ્તાને ૧૮ ઓવરમાં પાંચ વિકેટે ૧૧૮ રન કર્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમે ચાર વિકેટે ૧૧૯ રન બનાવીને મેચ જીતી લીધી હતી. ભારતે આ રન ૧૫.૫ ઓવરમાં જ બનાવી લીધા હતા. ભારતે છ વિકેટે જીત મેળવી હતી. ટ્વેન્ટી વર્લ્ડ કપની આ મચ કોલકત્તાના ઐતિહાસિક ઈડન ગાર્ડન ખાતે રમાઈ હતી. ચેમ્પિયન્સ ટ્રોફી છેલ્લે ૨૦૧૩માં રમાઈ હતી. જેમાં ભારતે ટ્રોફી જીતવામાં સફળતા મેળવી હતી. ભારતીય ટીમ શાનદાર દેખાવ કરવા માટે પહેલાથી સજ્જ હતી. ભારત જીત સાથે શ્રીગણેશ કરવા માટે તૈયાર દેખાઈ રહી હતી. ભારતીય ટીમ પ્રથમ મેચ પાકિસ્તાન સામે એજબેસ્ટન ખાતે રમ્યા બાદ આઠમી જૂને શ્રીલંકા સામે અને ૧૧મી જૂનના દિવસે દક્ષિણ આફ્રિકા સામે મેદાનમાં ઉતરશે.

## શાળા પ્રવેશોત્સવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અર્ચના શિવહરે કલોલમાં આઈ એફએસ એ કે શ્રીવાસ્તવ ઉપરાંત જી એમ સી ખાતે રાજયના મુખ્ય સચિવ જે એન સીંઘ, રાજીવ રંજન ભગત, ડો રાજીવકુમાર ગુપ્તા તેમજ કમલકુમાર દાયાની શાળા પ્રવેશોત્સવમાં હાજરી આપશે. ગાંધીનગર તાલુકા વિસ્તારમાં પણ આઈ એ એસ એસ જે હૈદર, મોના ખંધાર એમ એસ ડાગુર દિનાનાથ પાંડે ઉપરાંત વર્ગ-૧ અધિકારી એ એન દવે શાળા પ્રવેશોત્સવની ઉજવણીનો પ્રારંભ કરાવશે. જયારે માણસામાં વર્ગ-૧ અધિકારી દર્શના જોષી એસ વી પરમાર આઈ એન ગામિત તેમજ એસ બી પોપટાની શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરાવશે. શાળા પ્રવેશોત્સવની સાથે શાળાઓમાં મીની ગુણોત્સવનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં વિદ્યાર્થીઓના ૨૦ ગુણનુ મુલ્યાંકન કરાશે. તા ૮ થી ૧૦ જુન દરમિયાન જિલ્લામાંથી ૧૪૧૦૭ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે. જિલ્લાના કલોલ અને માણસામાં કુમાર કરતા કન્યાઓ વધુ પ્રવેશપાત્ર હોવાનુ ધ્યાને આવ્યુ છે. માણસામાં ૧૯૧૭ કલોલમાં ૩૧૫૭,ગાંધીનગરમાં ૫૨૩૨ અને દહેગામમાં ૩૮૦૧ બાળકો પ્રવેશપાત્ર છે. જયારે પ્રવેશપાત્ર બાળકો પૈકી ૩૩ વિકલાંગ અને ૧૬૭૦ બી પી એલ પરિવારના બાળકો હોવાનુ ધ્યાને આવ્યુ છે.

## અતિતની આજ

● ૪ પાનાનું ચાલુ...

આશીર્વાદ સમાન થઈ રહી છે. કંડલામાં જેમ સાત સાગરનાં સફરી વહાણોને સલામતી અને સહારો મળી રહેશે તેવો જ સધિયારો નિરાશ્રિતોની ભગ્ન આશાઓને અહીં મળતો થશે. કંડલાની નાળમાં ૧૯૪૮ની ૧૨મી ફેબ્રુઆરીના રોજ પૂજ્ય ગાંધીજીના અસ્થિભસ્મનું વિસર્જન થયું ત્યારથી એ રાષ્ટ્રપિતાના પુણ્યશ્લોક નામ સાથે સંકળાયેલું ગાંધીધામ-કંડલા હિંદના પરમ પવિત્ર યાત્રાધામોની કક્ષામાં આવી ગયું છે.'' શિલારોપણવિધિ પ્રસંગે પંડિતજીએ કહ્યું હતું કે 'આ શિલારોપણવિધિથી હું નૂતન ભારતનો પાયો નાંખું છું. અને આ બંદરમાં મૂકવામાં આવતી એક એક ઈંટ નૂતન ભારતના ચણતરની ઈંટ છે. આ કાર્ય સમગ્ર દેશની જનતાનું છે, કારણ કે જનતાના ભલા માટે તેની રચના છે.'

કચ્છ સરહદી પ્રદેશ છે. એટલે સુરક્ષાની દષ્ટિએ એનું સવિશેષ મહત્ત્વ છે. સાથે જ એના પેટાળમાં પૅટ્રોલિયમના વિપુલ ભંડાર છે. વર્ષ ૧૯૬૫ના યુદ્ધ પછી કચ્છ સરહદના સિરક્રીક પ્રદેશનો ઘણો મોટો હિસ્સો પાકિસ્તાનના તાબામાં ગયો હતો. વર્ષ ૨૦૧૨માં ગુજરાતના મુખ્યપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીએ પૅટ્રોલિયમના વિપુલ ભંડારવાળા સિરક્રીકનો પ્રદેશ તત્કાલીન વડા પ્રધાન ડૉ. મનમોહન સિંહ પાકિસ્તાનને હવાલે ના કરે એવો આગ્રહ કરતા હતા. એ વિશે પત્રો પણ લખતા હતા અને જાહેર ભાષણો પણ કરતા હતા. હવે વડા પ્રધાનપદે મોદી પોતે હોવાથી સિરક્રીક અંગે તેમણે ઊઠાવેલા પ્રશ્નોનો ઉત્તર તેમણે જ પ્રજાને આપવાનો સમય આવી પહોંચ્યો છે.

- haridesai@gmail.com

## પ્રસંગસર

● ૪ પાનાનું ચાલુ...

Last Seen :
બહાર વરસાદ પડતો હતો,
ન્હાના બાળકની જેમ ઉભા ઉભા
ન્હાવાનું મન થાય
એટલો બધો ધોધમાર
જાણે કે પ્લાસ્ટિકના રેઈનકોટની અપેક્ષાએ
શહેરના મકાનો પણ ન છૂટકે ન્હાતા હતા
વૃક્ષોને અંગે અંગે લીલો રંગ ઉતરતો હતો
દેડકાનો અવાજ પણ ભીનો થઈ ઊઠ્યો ત્યારે
શહેરનો કવિ ટેક્ષીના સંરક્ષણ હેઠળ
'The Poetry Review' ના પાનાં ઉથલાવતો
કયાં જઈ રહ્યો હતો ?

- સુરેશ દલાલ

- nehalgadhavi101@gmail.com

## પ્રસંગસર

● ૪ પાનાનું ચાલુ...

ઉદાહરણો વિવિધ શાસ્ત્રોમાં મોજૂદ છે.

સૌ પ્રથમ આવાહ્‌ન કરવામાં આવે છે, ત્યારબાદ વંદના અને પછી વિસર્જન કરવામાં આવે છે જે શ્લોકી નીચે મુજબ છે :

(૧) આવાહ્‌ન :
આયાતુ વરદે દેવી, અક્ષરે બ્રહ્મવાદિની;
ગાયત્રી છંદસા માતા, બ્રહ્મયોનિર્નમોસ્તુ.

(૨) વંદના :
વર્ણાસ્ત્ર કુંડિકા હસ્તાં, શુદ્ધનિર્મલ જયોતિષીમ્;
સર્વ તત્વમયી વંદે ગાયત્રી વંદે માતરમ્.

(૩) વિસર્જન :
ૐ ઉત્તમે શિખરે દેવી, ભૂમ્યાં પર્વત મૂર્ધનિ;
બ્રાહ્મણેભ્યોઽહ્મનુજ્ઞાતમ્ ગચ્છ દેવી યથા સુખમ.

(૪) ગાયત્રીમંત્ર :
ૐ ભૂ: ભુવ સ્વ: તત્ સવિતુ: વરેણ્યમ્ ;
ભર્ગો દેવસ્ય ધીમહિ, ધિયો યોન: પ્રચોદયાત્

(૫) ગાયત્રી મંત્રનો અક્ષરશ: શબ્દશ: સરળ અર્થ :
ૐ = હે ! પરમાત્મા ● ભૂ: = પ્રાણસ્વરુપ
ભુવ: = દુ:ખનાશક ● સ્વ: = સુખ સ્વરુપ
તત્ = તે ● સવિતુ : = તેજસ્વી સૂર્યના
વરેણ્યં = શ્રેષ્ઠ ● ભર્ગો = પાપનાશક
દેવસ્ય = દિવ્યતત્ત્વને (અમે)
ધીમદિ = ધારણ કરીએ છીએ
ધિયો = બુદ્ધિ ● યોન: = જેમાં અમારી
પ્રચોદયાત્ = પ્રેરિત કરો.
ૐ શાંતિ: શાંતિ: શાંતિ: